ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

એટલે ભીની જરા પાંપણ નથી
ભીતરે જો સ્હેજ પણ ભારણ નથી.
હોય જો દોસ્તો  તો હૈયું ઠાલવો-
દુ:ખનું એથી સારૂં કંઇ મારણ નથી !

- ડો.દક્ષેશ ઠાકર

### પાથેય

- રમેશ ઠક્કર

## મૈત્રીભાવનું પવિત્ર ઝરણું

જિંદગીનું વૃક્ષ કડવાશથી ભરેલું છે,છતાં પણ એની કડવી ડાળીઓ વચ્ચે એ વૃક્ષને બે મધુર ફળ લાગેલાં છે.એક છે કાવ્ય અને બીજું ફી તે ઉત્તમ મિત્ર.'ઘણીવાર નાની અમથી કોઈ વાત મહાકાવ્ય કરતાં પણ મોટો સંદેશો આપી જાય છે.બધા માણસો કવિતા નથી લખી શકતા..અમુક જ લોકો કાવ્યના મર્મને પામી શકે છે.પણ મિત્રતા તો એવો ઉપહાર છે જે દરેક વ્યકિત માણી શકે છે.મિત્રતાનું ફળ મધુર જ નહીં મૂલ્યવાન પણ છે.માણસને મનગમતી મૈત્રી મને એથી વિશેષ કંઈ ઉપલ્બ્ધિ ના હોઈ શકે..કવિતાનો લય હોય છે..દોસ્તી એ આપણા જીવનનો લય બની જાય છે.મૈત્રીના માંડવે જગતની ધન્યતમ ઘટનાઓ આકાર પામતી રહે છે. સંબંધો મોટાભાગે માણસને વારસામાં મળતા હોય છે.કેટલાક રિલેશન આપણી ઈચ્છા ઉપર નિર્ભર પણ નથી હોતા.જેમ કે લોહીના સંબંધો કે વારસાગત મળતા સંબંધો.એમાં આપણે ધારીએ તો પણ આપણી પસંદગીનો અવકાશ રહેતો નથી.એક માત્ર દોસ્તી એવો ઉપહાર છે જે માણસ પોતે જ પસંદ કરી નકકી કરતો હોય છે.એને તમે આપકમાઈની ઉપજ પણ કહી શકો! અને આ વાત નાનીસૂની નથી.માણસ જયારે કોઈની પણ સાથે મૈત્રીનો હાથ ફેલાવે છે ત્યારે એમાં સહજ ઉમળકો હોય છે.પોતાની જ અભિવ્યકિતનો જાણે એમાં પડઘો હોય છે અને એટલે જ જગતમાં સૌથી અનુપમ કોઈ દ્રશ્ય હોય તો એ બે મિત્રો જયારે આપસમાં મળી આનંદ કરતા હોય એ છે.

આપસી વ્યવહારમાં એક માણસ બીજા સાથે કોઈ સંબંધ બાંધે છે ત્યારે એમાં ચોક્કસ ગણતરીઓ રહેલી હોય છે.કોઈપણ સંબંધ સ્વાર્થરહિત હતા નથી.એમાં જો કોઈ અપવાદ હોય તો એક માતા તરફથી મળતો સ્નેહ અને બીજો મૈત્રીભાવ હોય છે.દોસ્તી એટલે જ દિલાવરી એવું કહેવાય છે.જે માણસ સરસ હોય એકદમ નિખાલસ હોય એના દોસ્તોની સંખ્યા આપોઆપ વધી જાય છે.વ્યવહારમાં બહુ ચતુર હોય કે ગણતરીબાજ ગણાતા હોય એવા લોકોને જલ્દીથી કોઈની સાથે મિત્રતા થતી નથી.અને થઈ જાય તો પણ એ બહુ લાંબી ટકી નથી.મિત્રતામાં નાનું મોટું એવું કશું હોતું નથી..બે માણસ વચ્ચે લાગણીઓનું આપોઆપ થતું સંતુલન એટલે ઉત્તમ મૈત્રી. ઘણીવાર આપણને આશ્ર્ચર્ય થાય એવા મિત્રાચારી કિસ્સા જોવા મળે છે.જગતની દ્રષ્ટિએ અસમાન કહેવાય એવા લોકો વચ્ચે અતૂટ બંધન જોવા મળે છે.દોસ્તીનું પણ પ્રેમ જેવું અટપટું ગણિત છે જેની કોઈ ચોક્કસ ફોર્મ્યુલા હોતી નથી.કૃષ્ણ જેવા રાજા જેના ઉપર ઓળઘોળ હતા એ સુદામા એક સામાન્ય બ્રાહ્મણ હતા.જગતમાં જયારે ઠણ કોઈ શ્રેષ્ઠ મિત્રો વિશે વાત કરવામાં આવે તો આપણને તુરતજ આ જોડી યાદ આવી જાય છે.પોતાના મનની વાત માણસ જયાં કોઈપણ દંભ વગર વ્યકત કરી શકે એ હંમેશાં મિત્ર સામે જ શક્ય બનતું હોય છે. કવિતાની આપણે વાત કરીએ તો એમાં જે રીતે એક રિધમ એટલે કે લય હોય છે એ જ રીતે માનવમૈત્રીમાં પણ એક આરોહ અવરોહનો અદ્ભુત સંયોગ બનતો હોય છે.કાવ્યનું સૌંદર્ય શાશ્વત હોય છે એમ જ મૈત્રીની મહત્તા પણ ટકાઉ હોય છે.કાવ્ય એ સ્વયંસ્ફુરણા થકી નીપજે છે એ જ રીતે મૈત્રી પણ કોઈ અંદરના ભાવ થકી અનાયાસ આકાર પામતી રહે છે.સરળ કાવ્યો એ સુખી માણસના ચહેરા જેવાં હોય છે એમ જ સરળ દોસ્તી એ પણ છલકાતા માણસના દુલાર જેવી હોય છે.

# દઈનો ઘોડો દિગ્વિજયનું માધ્યમ

**તંત્રીસ્થાનેથી...**

લોકશાહીમાં જે કેટલાંક અનિષ્ઠો ફાલ્યાફૂલ્યાં છે એમાં કહેવાતી સ્વાયત્ત લોકશાહી તપાસ એજન્સીઓ સરકાર માટે વિરોધીઓને ચૂપ કરી દેવા માટે અને એમનું નાક દબાવવા માટે ખપ લાગતી રહી છે. આ તપાસ એજન્સીઓ જયારે કેન્દ્ર સરકારના ઈશારે વિરોધપક્ષની પ્રતિભાશાળી જે હસ્તીને નિશાન બનાવે છે ત્યારે એમની સામે એક જ લક્ષ્ય હોય છે : કાં તો એ હસ્તીને ખોટી રીતે ફસાવી દઈ બદનામ કરી મૂકવી, એને જેલના સળિયા પાછળ ધકેલી દેવી અથવા એને અનુકૂળ બનાવીને વિપક્ષને સત્તાસ્થાનેથી ખસેડવા માટેના માધ્યમ તરીકે વાપરી અંતે ટોઈલેટ પેપરની જેમ ફેંકી દેવી. શિવસેનાના પ્રવક્તા અને રાજયસભાના સદસ્ય સંજય રાઉતે ખુસાલો કર્યો છે કે મહારાષ્ટ્રની ઉદ્ધધ સરકાર ગબડાવવા માટે એમને તાકીક કરાઈ હતી જે એમણે નકારતાં ઈડીને એમની પાછળ શિકારી કૂતરાની જેમ છોડી મૂકવામાં આવી છે. બહુજન સમાજ પાર્ટી અને સમાજવાદી પાર્ટીનો ઉત્તરપ્રદેશમાં એક સમયે સિતારો હતો. માયાવતીનો પડ્યો બોલ ઝિલાતો હતો. દક્ષિણ ભારતના વિશિષ્ટ તમિળ રાજકારણનાં મહારાણી જયલલિતા કોઈને ગાંઠતાં નહોતા. મુલાયમસિંહ લખનૌથી હનુમાન કૂદકો લગાવી દિલ્હીનું સિંહાસન સર કરવાનાં સપનાં જોતા થઈ ગયા હતા. આ તમામ નેતાઓમાં લાલુપ્રસાદ યાદવનું નામ તો પહેલી જ હરોળમાં જ મૂકવું પડે. જરા ઠંડા કલેજે વિચારશો તો સમજાશે કે ગુજરાતના શંકરસિંહ વાઘેલા સહિતના પ્રખર પ્રાદેશિક નેતાઓની પાછળ કેન્દ્ર સરકારે કોઈને કોઈ તબક્કે સીબીઆઈ, ઈન્કમટેક્સ કે ઈડીના ડાઘિયા છોડી મૂકી એમને ચૂપ કરી દેવામાં કલ્પના બહારની સફળતા મેળવી છે. પ્રાદેશિક નેતાને રાતોરાત કોઈ કેસમાં ફસાવી દઈને કે એની સામે નાણાંકીય ગેરરીતિનો મુદ્દો ઉપસ્થિત કરીને કાં તો એમની સરકાર ગબડાવી દીધી છે અથવા એમનું સમર્થન અંકે કરી પ્રજા સમક્ષ એમને વામણા પુરવાર કરી દીધા છે. જયલલિયા જેવાં અત્યંત લોકપ્રિય અભિનેત્રી અને તમિલ પ્રજાનાં હૃદય સામ્રાજ્ઞીને અજ્ઞાતવાસમાં ધકેલી દેવાયાં હતા. એમને અનિચ્છાએ પણ વિરોધી વિચારસરણી ધરાવતા સત્તાધારી પક્ષને સમર્થન આપવાની ફરજ પડી હતી. લાલુપ્રસાદ યાદવ એમની અક્કડમાં ના રહ્યા હોત તો હજાર ચારા કૌભાંડો છતાં બિંદાસ બિહારમાં દાદાગીરી કરતા હોત. એમની સામે અપરાધો પ્રજાની દૃષ્ટિએ એટલા ગંભીર હોય તો એમના અલ્પશિક્ષિત વારસદારની નેતાગીરીમાં રેઢી મુકાયેલી પાર્ટીને બિહારની પ્રજા સૌથઈ મોટા પક્ષ તરીકે ચૂંટી ન જ કાઢત. લાલુપ્રસાદની રાજકીય કારકિર્દી ચારાકાંડ નિમિત્તે સમાપ્ત કરી દેવાઈ હોવા છતાં આજની તારીખમાં એ બિહારના સર્વોચ્ચ નેતા છે. પરંતુ એમને ગોધરાકાંડ નિમિત્તે વર્તમાન વડાપ્રધાન પર સકંજો કસવાની મેલી કૂટનીતિ અપનાવી હતી જેનું કર્મફળ તેઓ ભોગવી રહ્યા છે. હમણાં શિવસેનાના રાજયસભાના સદસ્ય અને પ્રવક્તા સંજય રાઉત પર તવાઈ ઊતરી છે. એન્ફોર્સમેન્ટ ડાયરેકટોરેટ - ઈડી દ્વારા એમને સત્તર વર્ષ પૂર્વે ખરીદેલી જમીનનો કેસ ઉખેડી ફસાવવાના પેંતરા થઈ રહ્યા હોવાની ફરિયાદ એમણે રાજયસભાના ચેરમેન વેંકૈયા નાયડુ સમક્ષ લેખિતમાં વ્યક્ત કરી છે. પચ્ચીસ વર્ષ સુધી મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપનું ગઠબંધન સુપેરે ચાલ્યું અને જયારે ભાજપ મોટા પક્ષ તરીકે વિકસ્યું ત્યારે એણે શિવસેનાને હાંસિયે ધકેલવાની કૂટનીતિ શરૂ કરી. પરિણામે નાછૂટકે શિવસેનાએ મહારાષ્ટ્રના રાષ્ટ્રીય નેતા શરદ પવારની સલાહ મુજબ વિરોધી વિચારસરણીવાળી કોંગ્રેસ અને એનસીપીની સાથે 'અઘાડી' જોડાણ કરી ઉદ્ધવ ઠાકરેની મુખ્યમંત્રી બનવાની મહેચ્છા પૂરી કરી. ઉદ્ધવ ઠાકરેના પરમ વિશ્વસનીય સંજય રાઉત શિવસેનાના મુખપત્ર 'સામના'ના સંપાદક પણ છે. ભારતીય જનતા પાર્ટીએ યુદ્ધ અને પ્રેમમાં કશું જ અનૈતિક ન ગણાય - એ સૂત્ર અપનાવી વિપક્ષી સરકારોને વિસ્થાપિત કરવાની રાજનીતિ અપનાવી છે. શિવસેનાએ એના જૂના સમાન વિચારધારાવાળા સાથી પક્ષની સોડમાં પેસીને વર્તમાન અઘાડી - ગઠબંધન તોડવાનું ન જ સ્વીકાર્યું એટલે ભાજપની કેન્દ્રીય નેતાગીરીએ શિવસેનાના નેતાઓની કૌભાંડોની ફાઈલો ખોલીને એમને જેલના સળિયા ગણવાની ધમકી આપવાની શરૂ કરી છે. અનિલ દેશમુખની જેમ સંજય રાઉતને પણ આવી સજા કરાશે એવા સંકેતો અપાયા ત્યારે આ નેતાએ એમના મનનો ઊભરો ઠાલવતો પત્ર પાઠવી રાજયસભાના ચેરમેનને સિલસિલાવાર હકીકત જણાવી જૂના કેસમાં ફસાવવાના પેંતરા શરૂ થઈ ગયા હોવાની માહિતી આપી છે. લોકશાહીનું આ દૂષણ કોંગ્રેસના શાસનકાળમાં જ શરૂ થયું હતું પરંતુ ભાજપ શાસનમાં એ પરાકાષ્ઠાએ પહોંચ્યું છે જે ભારતની લોકશાહીના ઈતિહાસનું એક કલંક્તિ પ્રકરણ બની રહેશે એમાં શંકાને સ્થાન નથી.

# ધૂળમાં પડેલા પ્રસાદનો મહિમા

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**



એનું નામ હતું દેવદત્ત શર્મા. સમગ્ર શહેર ચંદ્રનગરમાં આ બ્રાહ્મણની બે રીતની પ્રસિદ્ધિ. એની અતિશય વિદ્વતા અને આ વિદ્વતાને કારણે એને મળેલી અતિશય સંપત્તિ. વિદ્વતા અને સંપત્તિનો એનામાં વીરલ સંયોગ.



એની પત્નીનું નામ શ્યામા હતું. એ બિચારી શામળી અને કદરુપી હતી. એથી દેવદત્ત એની અવહેલના કરતો. તિરસ્કૃત રાખતો. એને આ ભાન ન હતું; કે સૌંદર્ય દેહમાં નથી; હૃદયમાં છે, શ્યામા સતત દુ:ખમાં રહેતી.

શ્યામાને, એવામાં ઉપાય જડી આવ્યો. દેવદત્તની એક દાસી પાસેથી એણે આ ઉપાય જાણ્યો, એણે તરત જ એનો અમલ કર્યો. મહા મહિનાના સુદ પખવાડિયાનો એ રવિવાર હતો. એણે માતા ખોડિયારનું વ્રત લીધું. સાત દિવસ માતા અને એની છ બહેનો - કુલ સાતનું પૂજન કર્યું. સાતેય દિવસ એકટાણું કર્યું. સાતેય દિવસ સાત દીવા, સાત અગરબત્તી, સાત પુષ્પ - આ રીતની પૂજા કરી. સાતેય દિવસ શુકલ પક્ષના હતા.

આઠમે દિવસે એણે ઉજવણું કરવાનું હતું. એણે સવા શેર લોટની લાપશી બનાવી. પ્રસાદ તૈયાર કર્યો. સાત જણને પ્રસાદ આપવાનો હતો. પરંતુ દેવદત્તની બીકે કોઈ પ્રસાદ લેવા ન આવે. શ્યામા નિરાશ થઈ ગઈ. પરંતુ એ હવેલીની બહાર નીકળી, ત્યાં સાત વૃદ્ધાઓ ઊભી હતી. શ્યામાએ એમને વિનંતી કરી. 'હે માતાઓ ! મારો પ્રસાદ સ્વીકારી લો ?' મુખ્ય વૃદ્ધાએ કહ્યું, 'દીકરી ! એટલા માટે તો અમે આવ્યા છીએ.'

ત્યાં દેવદત્ત આવ્યો. મુખ્ય વૃદ્ધાએ એને પ્રસાદ આપ્યો. દેવદત્તે ગુસ્સામાં આ પ્રસાદ ધૂળમાં ફેકી દીધો. બધી વૃદ્ધાઓને કાઢી મૂકી. પરંતુ જતાં પહેલાં, મુખ્ય વૃદ્ધાને જમીન પર પડેલો પ્રસાદ હથેલીમાં લઈ કહ્યું, 'આ પ્રસાદનું અપમાન તને ભારે પડશે. તને તારી વિદ્વતાનું ઘમંડ છે, પરંતુ કટોકટીની વેળાએ સરસ્વતી તને છોડી દેશે.' દેવદત્તે આ અભિશાપની પરવા ન કરી.

ચંદ્રનગરમાં બનારસથી એક પંડિત આવ્યા. રાજસભામાં શાસ્ત્રચર્ચા શરૂ થઈ. પંડિતે શરત મૂકી - 'પોતે હારી જશે, તો દેવદત્તનો દાસ બની જશે. અને દેવદત્ત હારે, તો સર્વસ્વ મને સોંપીને એણે, વનવાસ લેવાનો રહેશે.' નગરમાં સૌને આઘાત લાગ્યો. 'દેવદત્ત હારી ગયો' એને વૃદ્ધાનો અભિશાય યાદ આવ્યો.

પસ્તાવાની કપરી પળોમાં શ્યામાએ એને સાથ આપ્યો. એનામાં હવે ભારોભાર નમ્રતા આવી ગઈ. એને પોતાના જીવનમાં શ્યામાનું મહત્વ સમજાયું.

શ્યામાની સાથે રહીને દેવદત્તે સાત દિવસનું ખોડિયાર વ્રત કર્યું. આઠમે દિવસે સાત સ્વરુપવતી કન્યાઓ એની પર્ણકુટિમાં આવી. શ્યામાએ અને દેવદત્તે એમને પ્રસાદ આપ્યો. મુખ્ય કન્યાના હાથમાંથી પ્રસાદ નીચે ધૂળમાં પડ્યો. દેવદત્તે આ પ્રસાદ પોતાની હથેળીમાં લઈ લીધો. મુખ્ય કન્યાએ એને વાર્યો.

પણ પ્રસાદ લેતાની સાથે જ દેવદત્તમાં વિદ્વતાનો સંસ્કાર જાગૃત થઈ ગયો. શ્યામાએ પ્રસાદ લીધો, એની સાથે એના દેહમાં સૌંદર્ય પ્રગટ્યું.

આ વ્રતકથા કરતાં એનો સંદેશ વધુ મહત્ત્વનો છે.

### દિન મહિમા

- ૧૮૪૭માં આજ દિવસે મેરિકન સંશોધક અને બિઝનેશમેન થોમસ આલ્વા એડિસનનો જન્મ થયો હતો. આ સંશોધકે એમની ઈલેક્ટ્રીક બલ્બ શોધ માટે જાણીતા છે.
- પ્રોમીસ ડે

### આજનું ઔષધ

- તુલસીનો રસ ચોખ્ખી માટીમાં મેળવી રોજ રાત્રે ચોપડી આખી રાત રહેવા દેવાથી દાદરમાં લાભ થાય છે.

### ખડખડાટ

- બાથરૂમમાં હજી તો ન્હાવા માટે અંદર જાઉં એ પહેલાં... ટીવી પર સમાચાર જોયા ઠંડીને કારણે ૩નાં મૃત્યુ.... પાછા કપડા પહેરી લીધા... જીતા હશું તો ઉનાળામાં પણ નાહી લેશું... બરાબરને.... ?

### આજનો વોટ્સએપ

- મીઠું સ્મિત, તીખો ગુસ્સો, ખારા આંસુ, ખાટી-મીઠી યાદો, થોડી કડવાસ આ બધા સ્વાદ મળીને બનતી વાનગી એટલે જિંદગી...

# 'અંતરનાં અજવાળાં' નવલકથાના લેખક કોણ છે?

**ખજાનો**
**અનિલ પટેલ**



### ગુજરાતી સાહિત્ય

૧ 'અણસાર' નવલકથાના લેખક કોણ છે ?
(અ) વર્ષા અડાલજા (બ) કુંદનિકા કાપડિયા
(ક) કાલજ વૈદ્ય (ડ) સરોડ પાઠક

૨ 'અમાસના તારા' કયા સાહિત્યકારની આત્મકથા છે?
(અ) ફાધર વાલેસ (બ) કિંશનસિંહ ચાવડા
(ક) સ્વામી સચ્ચિદાનંદ (ડ) ચુનીલાલ શાહ

૩ 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' ના રચયિતા કોણ છે?
(અ) નિરંજન ત્રિવેદી (બ) પીતાંબર પટેલ
(ક) હિમાંશી શેલત (ડ) સુરેશ જોષી

૪ 'ભગવાન કૌટિલ્ય' નવલકથાના સર્જક કોણ છે?
(અ) ગોવર્ધનરામ ત્રિપાઠી (બ) જયોતિન્દ્ર દવે
(ક) ફાધર વાલેસ (ડ) ક.મા. મુનશી

૫ 'શિવાજીની શૌર્ય ગાથા' ના લેખક કોણ છે ?
(અ) કનૈયાલાલ મુનશી (બ) પિતાંબર પટેલ
(ક) સ્વામી સચ્ચિદાનંદ (ડ) ઝવેરચંદ મેઘાણી

૬ સાહિત્યકાર જય ભિખ્ખુએ નીચેનામાંથી કઈ નવલકથાનું સર્જન કર્યું હતું ?
(અ) ભાગ્ય નિર્માણ (બ) અંતરના અજવાળાં
(ક) ગાંધીની કાવડ (ડ) છિન્નપત્ર

૭ કઈ નવલકથાને ભારતીય જ્ઞાનપીઠનો મૂર્તિદેવી પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે?
(અ) કરણઘેલો (બ) ઝેર તો પીધાં જાણી જાણી
(ક) ભગવાન કૌટિલ્ય (ડ) નાઈટમેર

૮ 'અંતરનાં અજવાળાં' નવલકથાના લેખક કોણ છે?
(અ) જયોતિન્દ્ર દવે (બ) નિરંજન ત્રિવેદી
(ક) પીતાંબર પટેલ (ડ) ઈશ્વર પેટલીકર

૯ કયા સાહિત્યકારનું ઉપનામ 'ચાંદામામા' છે?
(અ) ચંદ્રવદન મહેતા (બ) સિતાંશુ યશચંદ્ર
(ક) ગૌરીશંકર જોષી (ડ) જયંત પાઠક

૧૦ 'અસૂર્યલોક'ના સર્જક કોણ છે?
(અ) પુનિત મહારાજ (બ) કેશવ હર્ષદ ધ્રુવ
(ક) સ્વામી સચ્ચિદાનંદ (ડ) ભગવતીકુમાર શર્મા

૧૧ કયા કવિનું નામ 'મીરા કાવ્યો' સાથે સંકળાયેલ છે?
(અ) દલપતરામ (બ) રમેશ પારેખ
(ક) કવિ કાન્ત (ડ) સુંદરમ્

૧૨ 'દયારામનો અક્ષરદેહ' કોની રચના છે ?
(અ) વિનોબા ભાવે (બ) નારાયણ દેસાઈ
(ક) ગોવર્ધનરામ ત્રિપાઠી (ડ) ગુણવંત શાહ

૧૩ 'અશ્વસ્થામાની સ્વતોક્તિ' કૃતિના સર્જક કોણ છે?
(અ) હરિન્દ્ર દવે (બ) નલિન રાવળ
(ક) અમૃતા (ડ) બકુલ ત્રિપાઠી

૧૪ 'વિતાન સુદ બીજ' કાવ્ય સંગ્રહના કવિ કોણ છે?
(અ) રમેશ પારેખ (બ) પ્રિયકાન્ત મણિયાર
(ક) કવિ સુંદરમ્ (ડ) ધૂમકેતુ

૧૫ 'વિશ્વગીતા' નું સાહિત્ય સ્વરુપ શું છે ?
(અ) નવલિકા (બ) નવલકથા
(ક) પ્રવાસકથા (ડ) નાટક

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૧ ફેબ્રુઆરી :
  - પંડિત દિનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિ (૧૯૬૮)
  - ફ્રેંચ ગણિતશાસ્ત્રી અને ફિલોશોફર રેને ડેસ્કાર્ટસનું ૫૩ વર્ષની વયે અવસાન થયું (૧૬૫૦)
  - ઈજીપ્તના પ્રેસીડેન્ટ હોસની મુબારકને ૩૦ વર્ષના શાસનના અંતે સત્તા પરથી ઉતાર્યા (૨૦૧૧)
  - ૨૭ વર્ષના જેલવાસ બાદ નેલ્સન મન્ડેલા મુક્ત કરાયા (૧૯૯૦)
- ૧૨ ફેબ્રુઆરી :
  - આર્ય સમાજના સ્થાપક દયાનંદ સરસ્વતીનો જન્મદિવસ (૧૮૨૪)
  - ઉત્ક્રાન્તિના સિદ્ધાંતના સર્જક ચાર્લ્સ ડાર્વિનનો જન્મદિવસ (૧૮૦૯)
  - યાસર અરાફાત પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ બન્યા (૧૯૯૬)
  - સ્વાતંત્ર્ય સંગ્રામના વીર નાનાસાહેબ ફડનવીસનું નિધન (૧૯૪૨)
- ૧૩ ફેબ્રુઆરી :
  - હિન્દના 'બુલબુલ' સરોજિની નાયડુનો જન્મદિવસ (૧૮૭૯)
  - અબ્રાહ્મ લિંકન અમેરિકન રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયા (૧૮૬૧)
  - અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક વિલિયમ શોકલીનો જન્મદિવસ (૧૯૧૦)
  - અમેરિકન સુપ્રિમ કોર્ટના મશહૂર જજ એન્ટોનીન સ્કાલીયાનું નિધન (૨૦૧૬)
- ૧૪ ફેબ્રુઆરી :
  - સાગર સાહસિક જેમ્સ કૂકનું નિધન (૧૭૧૯)
  - અર્થશાસ્ત્રી યોગેન્દ્ર અલગનો જન્મદિવસ (૧૯૩૯)
  - સેતાનિક વર્સીસ નવલકથાના રચયિતા સલમાન રશ્દી સામે ઈરાનના પ્રમુખ ખોમેનીએ ફતવો બહાર પાડ્યો (૧૯૮૯)
  - ગ્રેહામ બેલે ટેલિફોન માટે પેટન્ટ રજીસ્ટર્ડ કરાવ્યા (૧૮૭૬)
- ૧૫ ફેબ્રુઆરી :
  - પ્રખર કથાકાર પૂજય ડોંગરેજી મહારાજનો જન્મદિવસ (૧૯૨૬)
  - ખગોળશાસ્ત્રી ગેલેલિયો ગેલેલીનો જન્મદિવસ (૧૫૫૪)
  - સ્પેશિન - અમેરિકન યુદ્ધ દરમિયાન અમેરિકન માઈન તોડી પડાયું (૧૮૯૮)
  - રશિયન પ્રમુખ મિખાઈલ ગોર્બાચોવે અફઘાનિસ્તાનમાંથી તેમની છેલ્લી સૈન્ય ટુકડી પાછી બોલાવી લીધી (૧૯૭૯)
- ૧૬ ફેબ્રુઆરી :
  - નોર્થ કોરિયન લીડર કિમ જોન-૨નો જન્મદિવસ (૧૯૪૧)
  - ગ્લોબલ વોર્મિંગ ઘટાડવા કયોગો પ્રોટોકોલનો સ્વીકાર થયો (૧૯૭૭)
  - અમેરિકન ટેનિસ પ્લેયર જહોન મેક્રોનનો જન્મદિવસ (૧૯૫૯)
  - રસાયણ વૈજ્ઞાનિક વોલસ હ્યુમ કાર્થોરસે નાયલોનના પેટન્ટ કરાવ્યા (૧૯૩૭)
- ૧૭ ફેબ્રુઆરી :
  - ભારતીય દાર્શનિક જે કૃષ્ણમૂર્તિનું નિધન (૧૯૮૬)
  - દુનિયાનું પ્રથમ ટેલિફોન, એકસચેન્જ સાન ફ્રાન્સિસ્કોમાં શરૂ થયું (૧૮૭૮)
  - અગ્રણી કેળવણીકાર શ્રી હરિસદ્ધભાઈ ત્રિવેટિયાનો જન્મદિવસ (૧૮૮૬)
  - મશહુર જસ્ટીસ જી.ટી. નાણાંવટીનો જન્મદિવસ (૧૯૩૫)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

જયંત ચૌધરી કઈ રાજનૈતિક પાર્ટીના અધ્યક્ષ છે ?

જવાબ : રાષ્ટ્રીય લોકદળ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬બી (૩) મુળજીભાઈ પરમાર : સે-૭ (૪) ઋજિત રાવલ : સે-૭ (૫) હાર્દિક મકવણા : સે-૨૪ (૬) આકાશ જી પટેલ : સે-૨૩ (૭) ભરતભાઈ મોદી : પેથાપુર (૯) મૃગેશ જી પટેલ : સે-૨૩ (૧૦) એન બી ચુડાસમા : સેકટર-૩બી

**આ સપ્તાહનો સવાલ**

ગોવાના પૂર્વ મુખ્યમંત્રી મનોહર પારિકરના પુત્રનું નામ શું છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# રાજકારણ વિશે રાજકારણીઓ : કયા ખૂબ કહી હૈ !!

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**



હવે દિવસે ઠંડીને 'આઉટ' કરીને ધીમે પગલે ગરમી 'ઈન' થઈ રહ્યાના સમાચાર છે... કાયમ એ.સી.માં જ રહેવા ટેવાયેલાનાં ઘરોમાં તો ધીમી સ્પીડ પર પંખા ફરવા પણ લાગ્યા છે... વાતાવરણમાં ઉષ્માનું આગમન પ્રકૃતિદત્ત છે કે પછી દેશમાં પાંચ રાજયોમાં ઈલેકશનના ગરમાટાના લીધે છે એ વિશે કંઈ કહેવાનું હવામાન ખાતા તથા શ્રીમાન અંબાલાલભાઈ પટેલ ઉપર છોડી દઈએ... અને આવો આપણે ચૂંટણીના ચકરાવાના - ચકરાવાના માહૌલમાં પરદેશમાં ચૂંટણી, રાજકારણ, રાજકારણીઓ વિશે કેવી કેવી ટિપ્પણીઓ થઈ છે તેની મજા લઈએ...

૧૯૪૦થી ૧૯૪૫ દરમિયાન યુ.કે.ના વડાપ્રધાન રહી ચૂકેલા, કુશળ રાજદ્વારી સર વિન્સ્ટન્ ચર્ચિલના મતે રાજકારણ એટલે 'કાલે, આવતા મહિને, આવતા વર્ષે શું સું કરાશે એ કહેવાની આવડત અને પછી એ બધું કેમ નથી થયું એ સમજાવી દેવાની કળા!'

પહેલાં ગુલાબી ચિત્રો બતાવવાં - હથેળીમાં ચાંદ દેખાડવા ને પછી એ વિશે ભોળી પ્રજાને (જો એણે બધું યાદ રાખ્યું હોય તો....) સરસ રીતે - શબ્દોના સુંદર વાઘા પહેરાવીને ગોળીઓ ગળાવવાની રીત આપણે ત્યાં જ નહીં, અત્ર-તત્ર-સર્વત્ર પોલીટિક્સમાં જોવા મળે છે તેની જ વાત નથી આ ?

તો વળી બીલ રોજર્સ નામના અન્ય મહાનુભાવે મૂળે સચોટ ટકોર કરી છે : 'રાજકારણને લગતી બાબતો વિશે જેટલું વધારે વાંચીએ - જાણીએ - તો કબૂલવું જ પડે કે દરેક રાજકીય પક્ષ બીજા પક્ષથી ખરાબ છે!'

અમેરિકન પ્રજાની પોલિટ્કિસ અંગેની છાપ કેવી છે તે અંગે અમેરિકન પ્રેસીડેન્ટ જહોન ઓફ કેનેડીનું માર્મિક નિરીક્ષણ મજા પડે એવું છે. કેનેડીએ કયાંક કહેલું કે બધી માતાઓ તેમનો દીકરો અમેરિકન પ્રેસીડેન્ટ બને એવું ઈચ્છતી હોય છે પણ એક સર્વેક્ષણ અનુસાર એમાંથી ૭૩ ટકા પોતાનો પુત્ર એ પદે પહોંચવા માટે રાજકારણની (ગંદી ?) પ્રવૃત્તિઓમાં (પોલિટિક્સ પ્રોસેસમાં) ના પડે એવું પણ ઈચ્છતી હોય છે.

કદાચ પોલિટિક્સ પ્રદૂષિત છે અને એના વાતાવરણથી પોતાનું સંતાન 'બચકે રહે' - બગડે નહીં એવું આ મમ્મીઓ જ માનતી હશે કે શું ?

વર્તમાન સમયમાં ચૂંટણીનાં ભાષણોમાં પ્રતિસ્પર્ધી પાર્ટી કે કેન્ડીડેટ વિશે જે બોલાય છે - જે રીતે ને જે ભાષામાં ઉછળી ઉછળી કહેવાતું હોય છે કે એ જોતાં એક અમેરિકન સેનેટરે કરેલી નુક્તેચીની સાથે સો ટકા સંમત થવું જ પડે... આ સેનેટર ટીમ ઓ નીલે કહ્યું હતું કે 'આપણે બધા જાણીએ છીએ કે ચૂંટણી પ્રચારની ચરમસીમાએ વારંવાર સત્યનો - સચ્ચાઈનો જ ભોગ લેવાતો હોય છે.'

તો અમેરિકાના એકવારના વાઈસ પ્રેસીડેન્ટ એડાલી સ્ટીવન્સનું સત્તાની ખુરશી પર રાષ્ટ્રપ્રમુખ પદે બેસનારની દશા વિશે આવું કહેવું છે : 'મતદારો પહેલા પ્રેસીડેન્ટને ચૂંટે છે ને પછી પાંચ વર્ષ સુધી એને ચૂંટી ખાય છે - ચૂંટલા ભર્યા કરે છે...' મતલબ સર્વોચ્ચ પદ ભોગવનારની સફર કંઈ સુંવાળી નથી હોતી.

એક વાઈસ પ્રેસીડેન્ટ, હેરી ટ્રુમેને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખના સત્તાવાર નિવાસસ્થાન વ્હાઈટ હાઉસને 'વિશ્વની સૌથી સરસ જેલ' ગણાવી છે. મતલબ પ્રમુખપદનો તાજ કાંટાળો છે અમ જ ને!

રાજકારણના અસલી રંગ ઉપર સરસ વ્યંગ કર્યો છે એક સેનેટર યુજીન મેકકાર્જોએ : 'રાષ્ટ્રીય ઉમેદવાર માટે જનતા યાદ રાખે એવું કંઈ પણ બોલવું કદાચ જોખમકારક હોય છે.'

શ્રીમતી રોઝલિન કાર્ટનની એક સલાહ રાજકારણીઓએ યાદ રાખવા જેવી ખરી કે 'ચૂંટણીઓની ચિંતા કરવી નહીં અને ચિંતા કરતા હોય તો એ કબૂલ કરવું નહીં.'

અને ઈલિનોસસના સેનેટર એવરેટ ડિર્કસનની આ ટિપ્પણી કંઈ કમ નથી. એમણે કહ્યું હતું કે 'રાજકીય પ્રચાર દરમિયાન ઉમેદવાર સિવાયના દરેક જણ એ બાબતે ચિંતિત હોય છે કે જીતી જશે તો આ કે પેલી સમસ્યા અંગે શું કરશે ? જયારે ઉમેદવાર પોતે ચિંતિત એ વાતે હોય છે કે હું નહીં જીતું તો પછી શું કહીશ?'

આ તો થઈ નેતાઓ ને રાજકારણીઓએ કરેલી વાતો.... પોલિટિશિયનની પત્નીઓ પણ કંઈ કમ નથી હોતી.

૧૯૭૩માં જીમી કાર્ટર ઈલેકશન જીતી ગયા પછી તેમનાં શ્રીમતીજી રોઝલિન કાર્ટનને પૂછવામાં આવ્યું કે 'જીમી પાસે એવું શું છે જે એમના પ્રતિસ્પર્ધી જીરાલ્ડ ફોર્ડ પાસે નથી?' 'એની પાસે હું છું...' મિસીલ રોઝલિન કાર્ટરે ફટ દઈને ઉત્તર વાળેલો. નેતા પત્નીઓય ગાંજી જાય એવી નથી હોતી, સાચું ને ?

પોલિટિશિયનને બોલવામાં કોઈના પહોંચે એનું એક ઉદાહરણ. અમેરિકાના ૪૧મા વાઈસ પ્રેસીડેન્ટ અને બિઝનેસમેન 'રોકી' વિલિયમ નેલ્સન રોક ફેલરને પ્રશ્ન પૂછાયો કે 'ન્યૂયોર્ક શહેરના મેયર વહીવટ કરવા સક્ષમ નથી એવું તમે કહેલું. રોકીએ જવાબ આપ્યો : 'ના... હું એવા શબ્દો નહોતો બોલ્યો...'

'તો?'

'મેં કહ્યું હતું કે એ વહીવટ કરવા અસમર્થ છે!!'

બોલો, વાત તો એકની એક જ થઈને પણ સીધો કાન પકડે એ રાજકારણીઓ નહીં ને !

નેતાઓની પત્નીઓની ચબરાકીની વાત જોઈ આપણે.. હવે જોઈએ એમનાં સંતાોનોની 'સ્માર્ટનેસ' પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટના દીકરાએ પોતાના પોલિટિશિયન પપ્પાની લાક્ષણિકતા આ રીતે દર્શાવેલી : એ હંમેશા 'સેન્ટર ઓફ એટેન્શન' (સૌનું ધ્યાન પોતાની તરફ જ એમ) માં જ રહેતા. કઈ લગ્ન પ્રસંગમાં જતા ત્યારે એ કન્યા - વધુ બનવ માંગતા અને કોઈ - ફ્યુનરલ (અંતિમ ક્રિયા)માં જતા ત્યારે શબ બનવા ઈચ્છતા.'

અને છેલ્લે, લોકો બધે જ સરખી મનોવૃત્તિના હોય છે એની વાત. વ્હાઈટ હાઉસ (અમેરિકી પ્રમુખનું સત્તાવાર નિવાસસ્થાન) ની મુલાકાતે આવનારા મુલાકાતીઓ - લોકો - યાદગીરી રુપે વ્હાઈટ હાઉસની મેચ બોક્સ - માચીસ ઉપાડી જવા ટેવાયેલા હતા. આટલી મહત્ત્વની જગ્યાની મુલાકાત લીધી તેનું કંઈક સંભારણું - 'સોવેનિયર' તો લઈ જવું પડે ને ! પ્રેસીડેન્ટ ફ્રેંકલીન રૂઝવેલ્ટ આ સમસ્યાનો અજબ રસ્તો શોધી કાઢ્યો. એમણે વ્હાઈટ હાઉસની મેચ બોક્સીસ - દિવાસળીની પેટીઓ ઉપર 'વ્હાઈટ હાઉસમાંથી ચોરાયેલી' એવું છપાવવા માંડ્યું... શેરના માથે સવાશેર કે પોલિટિશિયનમે કોઈ ના પહોંચે તે આનું જ નામ...

બાકી તો પ્રેસીડેન્ટ બરાક ઓબામાએ એમના પુસ્તક 'ધ ઓડિસિટર ઓફ હોપ' માં વેદના વ્યક્ત કરતાં કંઈક આ મતલબનું લખ્યું છે કે આપણે જે પ્રકારનું - આદર્શ - રાજકારણ ઈચ્છીએ છીએ એવું કેમ નથી ચલાવી શકતા ? રાત્રે પાર્ટીમાં સાથે બેસનારા ને પ્રજાહિતના મુદ્દે એકમત થનારા બીજી સવારે કેવળ પોતાના પક્ષ ખાતર થઈને વિરોધના સૂર કેમ છેડવા માંડે છે?

મિ. ઓબામાની આ વ્યથા આપણા સૌની વ્યથા છે જે પરંતુ અત્ર, તત્ર, સર્વ પોલીટિશિયન્સ માને છે કે 'એવરી થિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ (વોર લાઈક) ઈલેકશન....!!'